| | | |
|---|---|---|
| રજુ તારીખ | : | ૦૯.૦૬.૨૦૨૬ |
| દાખલ તારીખ | : | ૦૯.૦૬.૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૧૭.૦૬.૨૦૨૬ |
| અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૦ ૦૦ ૦૮ |

**મહીસાગરનાં મહેરબાન સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં,**
**મુ. લુણાવાડા**

**ક્રિમીનલ પરચુરણ અરજી નં.૩૬૨/૨૦૨૬**

**આંક : ૦૫**

**અરજદાર :–** **પ્રતાપભાઈ મશુરભાઈ ડામોર,**
ઉ.વ.આ.૫૫, ધંધો–ડ્રાઈવીંગ,
રહે : કાલીચાકુવા, ધોળાખાખરા ફળિયું,
તા.મેઘરજ, જી.અરવલ્લી.

**વિરૂદ્ધ**

**સામાવાળા:–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત**

**બાબત:–** **બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી...**

| | |
|---|---|
| અરજદાર તરફે વિ.વ. **શ્રી જે.એમ.બારીઆ** | |
| સામાવાળા તરફે વિ.પી.પી. **શ્રી એસ.આર.ડામોર** | |

**–: ઠ રા વ :–**

(૧) સદર અરજદાર વિરૂદ્ધ વિરપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૮૨૬૦૨૮૯/૨૦૨૬ થી પ્રોહી. એક્ટની કલમ–૬૫(એ)(ઈ), ૮૧, ૯૮(૨), ૧૧૬–બી તથા બી.એન.એસ. ની કલમ–૩૩૬(૨)(૩), ૩૪૦(૨) મુજબનાં ગુનાનાં કામે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨) અરજદારની અરજીની વિગત એવી છે કે, સદર ગુનો તા.૦૫.૦૬.૨૦૨૬ નાં રોજ નોંધાતાં અરજદારને તે જ દિવસે અટક કરી વિરપુરનાં એડી.જયુડી.મેજી.ફ.ક.શ્રી સમક્ષ રજુ કરવામાં આવેલ અને તા.૦૮.૦૬.૨૦૨૬ સુધીનાં રીમાન્ડ મંજુર કરવામાં આવેલ. ત્યારબાદથી અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે. અરજદાર તરફે વિરપુરનાં એડી. જયુડી.મેજી.ફ.ક.શ્રીની કોર્ટમાં ક્રિ.પ.અ.નં.૪૬/૨૦૨૬ થી જામીન અરજી દાખલ કરેલ, જે તા.૦૮.૦૬.૨૦૨૬ નાં રોજ નામંજૂર થતા હાલની રેગ્યુલર જામીન અરજી દાખલ કરેલ છે.

(૩) અરજદારનાં વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, અરજદાર તદ્દન નિર્દોષ છે, તેઓએ કહેવાતો કોઇ ગુનો કરેલ નથી. અરજદાર વિરૂધ્ધ મૃત્યુદંડની સજાને પાત્ર ગુનાનો આક્ષેપ નથી. સદર કામનાં અરજદાર મેઘરજ તાલુકાનાં સ્થાનિક રહેવાસી છે અને વાહનમાં લીફ્ટ લીધેલ અને તેમાં બેસેલ અને ગાડી ચાલક પોલીસ ચેકીંગ જોઇ નાસી ગયેલ. અરજદારને બનાવની કોઇ જાત માહિતી નથી. અરજદાર ડ્રાઇવિંગ કરી પોતાનાં પરીવારનું ગુજરાન ચલાવે છે. અરજદાર ૫૫ વર્ષની વયનાં છે અને કયાંય નાસીભાગી જાય તેવા નથી. અરજદારનો કોઇ ગુનાહિત ઈતિહાસ નથી. ગુનાની ટ્રાયલ ચાલતાં લાંબો સમય જાય તેમ છે અને તે દરમ્યાન અરજદારને જામીન મુકત કરવામાં ન આવે તો તેમનાં પરીવારને લાંબો સમય સુધી હાડમારી વેઠવી પડે તેમ છે. નામદાર કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી છે. જામીન એ નિયમ અને જેલ એ અપવાદનાં સિદ્ધાંતને ધ્યાને રાખી અરજદારને જામીન મુક્ત કરવા અરજ કરેલ છે. જેથી અરજદારની હાલની રેગ્યુલર જામીન અરજી મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

વધુમાં અરજદાર તરફે તેમની અરજી સબબ નામદાર સુપ્રિમ કોર્ટનાં સંજય ચન્દ્રા વિ. સેન્ટ્રઇ બ્યુરો ઓફ ઇન્વેસ્ટીગેશનનાં ચુકાદા પર આધાર રાખેલ છે.

(૪) જામીન અરજીનો વિરોધ કરતાં વિદ્વાન પી.પી.શ્રી એસ.આર.ડામોર નાઓએ એવી રજુઆત કરેલ છે કે, આ કામનાં આરોપીએ પોતાનાં આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર રીતે અન્ય વોન્ટેડ આરોપીઓ સાથે મળી હુન્ડાઇ વેન્યુ કારની ખોટી નંબર પ્લેટ જીજે-૦૧૨-ડબલ્યુઇ-૮૬૫૬ ની બનાવી કારનાં સાચા નં.જીજે-૦૯-બીએમ-૬૦૬૪ ની જગ્યાએ લગાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી વાહનમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂ તથા બીયરની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ કુલ નંગ-૨૦૫૧ કિંમત રૂા.૪,૯૭,૨૯૭/- નો પ્રોહી. મુદ્દામાલ રાજસ્થાન ડુંગરપુરથી સરથુણા દારૂનાં ગોડાઉનથી ભરી પ્રોહી.પ્રતિબંધક એરીયામાં વાહતુક કરી લઇ જતાં પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ તથા હાલનાં અરજદાર સદર વાહનનાં ડ્રાઇવર છે. અરજદાર વિરૂધ્ધ સને-૨૦૧૫ માં પ્રોહી.નો ગુનો દાખલ થયેલ. અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ છે. વધુમાં, સદર ગુનાનાં કામે અન્ય આરોપીઓને પકડવાનાં બાકી છે તથા પ્રોહી. મુદ્દામાલ કયાંથી લાવ્યા, ગાડી કોની માલિકીની છે તે અંગેની તપાસ પણ બાકી છે. જેથી અરજદારની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૫) બંને પક્ષકારોનાં વિદ્વાન વકીલશ્રીઓને સાંભળ્યા તથા આ કામે રજુ થયેલ તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ આંક-૪ તથા પોલીસ પેપર્સ વંચાણે લીધાં.

(૬) હાલનાં કામે અરજદાર વિરપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૮૨૬૦૨૮૯/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬-બી તથા બી.એન.એસ. ની કલમ-૩૩૬(૨)(૩), ૩૪૦(૨) મુજબનાં ગુનાનો આક્ષેપ છે. ત.ક.અમલદારનું સોગંદનામુ તથા તપાસનાં કાગળો ધ્યાને લેતાં, અરજદારે પોતાનાં આર્થિક ફાયદા સારૂ ગેરકાયદેસર રીતે અન્ય વોન્ટેડ આરોપીઓ સાથે મળી હુન્ડાઇ વેન્યુ કારની

ખોટી નંબર પ્લેટ જીજે–૦૧૨–ડબલ્યુઇ–૮૬૫૬ ની બનાવી કારનાં સાચા નં.જીજે–૦૯–બીએમ–૬૦૬૪ ની જગ્યાએ લગાવી તેનો ખરા તરીકે ઉપયોગ કરી વાહનમાં ભારતીય બનાવટની ઇંગ્લીશ દારૂ તથા બીયરની અલગ અલગ બ્રાન્ડની નાની મોટી બોટલ કુલ નંગ–૨૦૫૧ કિંમત રૂા.૪,૯૭,૨૯૭/– નો પ્રોહી. મુદ્દામાલ રાજસ્થાન ડુંગરપુરથી સરથુણા દારૂનાં ગોડાઉનથી ભરી પ્રોહી.પ્રતિબંધક એરીયામાં વાહતુક કરી લઇ જતાં પ્રોહી. મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુનો કરેલ. જેથી અરજદાર વિરૂદ્ધ પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાય છે. હાલમાં ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુજરાત રાજ્યનાં રહેવાસી છે.

વધુમાં નામ. સુપ્રિમ કોર્ટનાં પ્રસ્થાપિત સિદ્ધાંતો અનુસાર જામીન અરજીનો નિર્ણય કરતી વખતે પુરાવાઓની ઉંડાણમાં ચર્ચા કરવાની હોતી નથી. જામીન અરજીનાં નિર્ણય સમયે આરોપી ટ્રાયલ દરમિયાન હાજર રહે તે સુનિશ્ચિત કરવાનું તેમજ ફરિયાદપક્ષનાં સાહેદોને ધાક–ધમકી, લાલચ, પ્રલોભન આપી તોડે ફોડાવે નહીં અને ફરીથી આ પ્રકારનાં ગુનામાં સંડોવાય નહીં તે નક્કી કરવાનું હોય છે.

આમ, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રતિપાદિત કરેલ સિદ્ધાંતો ધ્યાને લેતાં તથા હાલનાં ગુનામાં સજાની જોગવાઈ તથા હાલનાં અરજદારનો ગુનામાં ભાગ જોતાં તથા અરજદાર અરવલ્લી જીલ્લાનાં, મેઘરજ તાલુકાનાં રહેવાસી હોય તથા કેસ ચાલતાં દરમિયાન અરજદારની હાજરી સરળતાથી મળી રહે તે માટે અરજદારને અમુક આકરી શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાશે તેવું આ અદાલતનું નમ્રપણે માનવું થતું હોય, ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**– : : હુ ક મ : : –**

(૧) અરજદાર/આરોપી **પ્રતાપભાઇ મશુરભાઇ ડામોર,** ઉ.વ.આ.૫૫, ધંધો–ડ્રાઇવીંગ, રહે : કાલીયાકુવા, ધોળાખાખરા ફળિયું, તા.મેઘરજ, જી.અરવલ્લી. નાઓની હાલની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની

કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવાની અરજી આથી **મંજૂર** કરવામાં આવે છે.

**(૨)** અરજદાર/આરોપીએ રૂા.૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા) નાં જામીન તથા તેટલી જ રકમનાં જાત મુચરકા **ટ્રાયલ કોર્ટ** માં રજુ કર્યેથી વિરપુર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નં.૧૧૧૮૭૦૦૮૨૬ ૦૨૮૯/૨૦૨૬ થી પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઇ), ૮૧, ૯૮(૨), ૧૧૬–બી તથા બી.એન.એસ. ની કલમ–૩૩૬(૨)(૩), ૩૪૦(૨) મુજબનાં કામે નીચેની શરતોને આધિન જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો</u> :–**

(૧) અરજદાર/આરોપીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સદર કેસનાં સાક્ષીઓને ધાક–ધમકી આપી, પ્રલોભન, લાલચ આપી તોડવા ફોડવા નહીં તથા પુરાવા સાથે ચેડા કરવા નહીં.
(૨) અરજદાર/આરોપીએ ગુનાની ટ્રાયલ પૂર્ણ થતા સુધી કોર્ટની પરવાનગી સિવાય ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં.
(૩) અરજદાર/આરોપીએ ચાર્જશીટ રજુ ન થાય ત્યાં સુધી દર મહિનાની ૧ થી ૫ તારીખ સુધીમાં સવારે કલાક ૧૧:૦૦ થી ૧૪:૦૦ સુધીમાં સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજરી પૂરાવવી.
(૪) અરજદાર/આરોપીએ જામીન રજુ કરતી વખતે પોતાનું હાલનું સરનામું આધાર પુરાવા સાથે સંબંધીત કોર્ટ તથા ત.ક.અમલદાર રૂબરૂ રજુ કરવું તથા કોર્ટની પરવાનગી સિવાય તેમાં ફેરફાર કરવો નહીં.
(૫) અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમિયાન બિનચૂક હાજર રહેવું અને ટ્રાયલમાં પૂરતો સહકાર આપવો.

હુકમ આજરોજ તારીખ ૧૭ મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ ખૂલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭.૦૬.૨૦૨૬
લુણાવાડા.

( **એમ.એન.ગડકરી** )
સેશન્સ જજ, લુણાવાડા, જી. મહીસાગર
કોડ નં. જીજે.૦૦૪૨૫

પી.એમ.કાનાબાર
ગુજ. સ્ટેનો.